સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

જાણે ગુલમર્ગની નિરવ શાંતિ છે બહેરાશ,
જાણે ભીડમાં મળ્યું મીઠું એકાંત છે બહેરાશ.
જાણે નિસ્પૃહાનું સાકાર સ્વરૂપ છે બહેરાશ,
જાણે મોહમાયાથી રાખે નિર્લેપ, છે બહેરાશ...
(બહેરાશના હકારાત્મક ફાયદા)

હાઈકુ

પરમ શાંતિ,
કુદરતની ભેટ -
છે બહેરાશ...

આપે તાટસ્થ્ય,
મૌન અને ગાંભીર્ય -
બહેરાપણું...

ચિંતન

ન મે દેહેન સમ્બન્ધો મેઘેનેવ વિહાયસઃ ।
અતઃ કુતો મે તદ્ધર્મા જાગ્રત્સ્વપ્નસુષુપ્તયઃ ॥

ઉપરોક્ત શ્લોક 'સંસ્કૃત સુભાષિત ભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

મેઘથી જેમ આકાશનો કોઈ સંબંધ નથી તેમ આત્મરૂપ મારો દેહથી કોઈ સંબંધ નથી, માટે જ મારો જાગૃત-સ્વપ્ન, સુષુપ્ત અને તેના ધર્મોથી સંબંધ ક્યાંથી હોય?

આકાશમાં વાદળ હોય છે પણ તે બંને વચ્ચે કોઈ જ સંબંધની સાંકળ નથી. આકાશ ખાલી અવકાશ જ છે.

એવી જ રીતે આત્મા અને દેહ સાથે છે. બણ બંનેને કોઈ જ લોહીનો પણ સંબંધ નથી. દેહને સુખ-દુઃખ, પીડા-શાંતિ થાય તે આત્માને જરા પણ સ્પર્શતા નથી. માત્ર આપણા બેકાબૂ મન-વિચારને સ્પર્શે છે. માટે આત્મા એ નિસ્પૃહી થઈ દેહના હાલ-હવાલ સ્થિતિ-પરિસ્થિતિ જોવાની ટેવ કેળવો.

સુવિચાર

- નૈતિકતાનું મૂળ ભયમાં છે, સમૂહને અનુસરવાની વ્યક્તિની સહજવૃત્તિ એટલે નૈતિકતા - **ફ્રેડરિક નિત્સે**
- એક યાયાવર પક્ષી આવે એટલા માત્રથી ગ્રીષ્મ ઋતુ આવી ગઈ એમ કહેવાય નહીં - **એરિસ્ટોટલ**
- કાયા માયા ક્ષણિક છ, ઈન્દ્રધનુષનો રંગ, આકાશી કિલ્લા અને મૃગજળ તણા તરંગ - **શ્રીમદ્ રાજચંદ્ર**
- ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ તે સાધન - **ધર્મસૂત્ર**
- અંધકારના ગામે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય છે - **ઓશો**
- મને દલીલ ગમતી નથી, ઈશ્વર તર્કશાસ્ત્રની પર છે - **પરમહંસ**
- આજનું ઔષધ : અરડૂસીના તાજા પાનનો રસ, આદુનો રસ મધમાં મેળવી પીવાથી શરદી-ઉધરસમાં તરત ફાયદો થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

હંગેરીમાં જન્મેલો કારોલી ટેક્સ ઉત્તમ પિસ્તોલ શુટર હતો. તે હંગેરીયન આર્મીમાં સાર્જન્ટ હતો. એકવાર એક હેન્ડગ્રેનેડ અચાનક ફુટ્યો અને એનો જમણો હાથ ફૂરચા થઈ ગયો. હવે એક જ હાથ બચ્યો. ૧૯૪૦ની ઓલીમ્પીકમાં જવાની તૈયારી હતી અને આ આકસ્માત થયો.કારોલી હારવા જન્મ્યો ન હતો. તેણે ડાબા હાથે પિસ્તોલ પકડી, પ્રેક્ટિસ શરૂ કરી. રાષ્ટ્ર કક્ષાની શુટંગ સ્પર્ધામાં ભાગ લેવા પહોંચ્યો તો લોકોએ તેની મશ્કરી કરી. કારોલીએ કોઈની નકારાત્મક વાત ન સાંભળવાનો નિર્ણય કર્યો. વિશ્વયુદ્ધ થવાને કારણે ઓલીમ્પીક સ્પર્ધા કેન્સલ થઈ જેથી ૧૯૪૦ અને ૧૯૪૪ની ઓલીમ્પીક રમાઈ જ નહીં. આ દરમિયાન કારોલીએ એકાંત જગ્યાએ જઈ પોતાની ડાહા હાથે પ્રેક્ટિસ ચાલુ રાખી હતી. અંતે ૩૮મે વર્ષે ૧૯૪૮ ની ઓલિમ્પિક તેમજ ૧૯૫૨ની ઓલીમ્પિકમાં કારેલીએ પિસ્ટોલ શુટીંગમાં ગોલ્ડમેડલ મેળવ્યો. બહાના કાઢવા એ પણ એક જાતની હાર છે. દરેક પાસે બહાના હોય છે, પણ ચેમ્પિયન્સ પાસે તો બહાના હોતા જનથી.

ભાજપના કાર્યકરોનો જુસ્સો જગાવાયો

તંત્રીસ્થાનેથી...

ત્રણ મહત્ત્વનાં રાજયોમાં હાર મળ્યા પછી સ્વાભાવિક રીતે જ દેશભરમાં સત્તાધારી પાર્ટીનાં વળતાં પાણી થઈ રહ્યાં હોવાની હવે ફેલાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બૉડી લૅન્ગ્વેજ બદલાઈ ગઈ છે અને અગાઉ એમની વાણીમાં જે રણકો હતો તે બોદો થઈ ગયો છે. આવા વિકટ સંજોગોમાં પાર્ટી પાસે હુકમનો એક્કો જેવું રામજન્મભૂમિ મંદિરનું કાર્ડ છે, જે ઊતરવાની મજબૂરી ઊભી થઈ છે. રામલીલા મેદાનમાં ઊમટેલા ભાજપના કાર્યકર્તાઓનો જુસ્સો ટકાવી રાખવા માટે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અદલ મોદી સ્ટાઈલમાં જ ૨૦૧૯ની ચૂંટણીને ઐતિહાસિક સીમાચિહ્ન સમી ગણાવી એને પાણીપતના યુદ્ધ સાથે સરખાવી છે. મરાઠા આ યુદ્ધ હારી ગયા એથી દેશ આક્રમણકારોના સકંજામાં આવી ગયો અને અને ગુલામ બની ગયો હતો એ ઐતિહાસિક ઘટનાની યાદ અપાવી અમિત શાહે વિચારધારાની લડાઈમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાવાળી ભારતીય જનતા પાર્ટીને વિજયી માટે સવિશેષ હિંદુત્વવાદી મતદાતાઓને સક્રિય રોલ અદા કરવા હાકલ કરી છે. અમિત શાહ ગાંધી પરિવારને મોદી સ્ટાઈલમાં જામીન પર જીવતા પરિવાર તરીકે ઓળખાવે છે. અનેક અનર્ગળ આક્ષેપોની ઝડી વરસાવતાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખે એમની લાક્ષણિક શૈલીમાં ગાંધી પરિવારને ઈનકમ ટેક્સમાં ચોરી કરનારો અને ભ્રષ્ટાચારની ગંગોત્રી સાબિત કરવા પ્રયાસ કર્યો એટલું જ નહીં, 'મિશેલ મામા' ને પણ યાદ કરી ઑગસ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદાના કથિત ભ્રષ્ટાચારની યાદ અપાવી. એમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વના સૌથી વધુ લોકપ્રિય નેતા કહી બિરદાવ્યા એન મંચસ્થ સિનિયર નેતાઓને માઠું ન લાગે એટલા સારું અટલ-અડવાણીની જોડીએ પાર્ટી માટે કરેલ સંઘર્ષનો પણ હવાલો આપ્યો. બધા જાણે છે કે હિંદી હાર્ટલેન્ડ તરીકે ઓળખાતા ઉત્તરપ્રદેશમાં ભાજપ કફોડી હાલતમાં મુકાઈ ગયેલ છે. છતાં અમિત શાહે ગત લોકસભાની ચૂંટણીમાં જીતેલી ૭૩ બેઠકો અકબંધ રહેશે બલકે એકાદ વધી શકે છે, એવી ગુલબાંગો હાંકી હશે ત્યારે ઉપસ્થિત કાર્યકર્તાઓને ધોળા દિવસે તારા જ દેખાવા લાગ્યા હશે. ફોઈ-ભત્રીજાના મહાગઠબંધનની હાંસી ઉડાવતા હોવા છતાં ખુદ મોદી અને શાહ જાણે છે કે ઉત્તરપ્રદેશમાં સપા-બસપા સાથે રહે તો પલ્લુ એમની તરફ નમવાની પૂરી શક્યતા છે. આથી પાર્ટી ઉત્તરપ્રદેશ બહારથી બહુમતી અંકે કરવા કોંગ્રેસ પર અને મહાગઠબંધન પર વધુ ને વધુ આક્રમકતા સાથે પ્રહાર કરી રહી છે. સીવીસી અને સીબીઆઈથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી કરડી આંખના પ્રભાવ વચ્ચે પાર્ટીના જ નીતિન ગડકરી જેવા નેતાઓ હવે ખોંખારીને બોલવા લાગ્યા છે. સંઘ પરિવાર અને સાધુસંતોએ રામજન્મભૂમિ મંદિર માટે દબાણ વધારી દીધું છે. આ બધી પળોજણ વચ્ચે સવર્ણોને અનામજ યોજના પાર્ટી માટે આશાનું કિરણ બની શકશે કે કેમ તે પ્રશ્ન જ છે. ભાજપ માટે ૨૦૧૯ની ચૂંટમી એના કોંગ્રેસમુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની સોનેરી તક સાબિત થઈ શકે એમ હતી. પાંચ રાજયોની ચૂંટણીમાં ભાજપે ધોળકું ધોળ્યું એથી એ સપનું હાલ પૂરતું તો રોળાઈ ચૂક્યું છે પરંતુ યેનકેન પ્રકારણે પાર્ટી સત્તા ટકાવી રાખવા હવાતિયાં મારી રહી છે.

લીપીડ પ્રોફાઈલ અને એક્સટેન્ડેટ લીપીડ પ્રોફાઈલ શું છે ?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

એટલે ગયા એક ઉપરથી એટલું તો સાબિત થાય છે કે શરીરમાં ખોરાકમાંથી પ્રાપ્ત થતી ચરબીની જરૂર પણ હોય છે. પણ જો વધારે પ્રમાણમાં ચરબી શરીરમાં ભેગી થાય તો એ પાણીની લાઈનમાં જેમ કચરો જમા થાય એમ જમા થાય છે. અને જો વધારે પ્રમાણમાં પાણીની પાઈપમાં કચરો જમા થાય તો પાણી ઓછું આવે અથવા પાણી બંધ થઈ જાય એવી છે. કહેવાનો મતલબ એ કે ચરબી જેને વૈજ્ઞાનિક ભાષામાં ફૅટ અથવા તો કૉલેસ્ટ્રોલ કહેવાય છે. એટલે બધી વાત આવીને ઊભી રહે છે. કૉલેસ્ટ્રોલ ઉપર... એટલે પ્રશ્ન એ થાય કે ખાલી શરીરમાં રહેલ કૉલેસ્ટ્રોલ માપવામાં આવે તો ચરબીની વાત પુરી થઈ જાય છે? તો જવાબ આવે ના. કોલેસ્ટ્રોલની અંદર પણ વિભાજન ઘટકો હોય છે. તમને પ્રશ્ન થશે કે કોલેસ્ટ્રોલ એટલે કે કોલેસ્ટેરોલને ટોટલ કોલેસ્ટરોલ કહેવો જોઈએ. હવે બીજા ઘટકો એટલે કે કોલેસ્ટ્રોલના બીજા ભાગ જોઈએ.

પહેલા કોલેસ્ટ્રોલ આવે પછી ટ્રાયગ્લિસરાઈઆવે પછી એલ.ડી. એસ., એચ.ડી.એલ. આવે અને પછી વી.એલ.ડી. આવે આટલા બધા ટોટલ કોલેસ્ટ્રોલના ભાગ આવે.

અરે ભાઈ ! તમે સંસ્કૃતના જેમ શ્લોકો શું કામ બોલો છો. કંઈ સમજાઈ એવું બોલો. વાત તો સાચી છે. મેડિકલ સાયન્સ આમ તો અઘરું છે જે લોકો મેડિકલ સાયન્સની નજીક નથી એટલે ડૉકટરો નથી એ લોકોને તો મેડિકલ સાયન્સ અઘરું પડે છે એ લોકોને પણ મેડિકલ સાયન્સમાં છે એટલે કે ડૉકટર છે એ લોકોને પણ ઘણી વખત મેડિકલ ફિલ્ડ સંસ્કૃત ભાષા જેવું લાગે છે. જો કે સંસ્કૃત ભાષા ખૂબ જ મીઠી ભાષા છે. અત્યારે જેને પણ સાચું અને સચોટ સંસ્કૃત આવડે છે એમની સામે લોકો ખુબ જ અહોભાવની દૃષ્ટિથી જોવે છે એટલે મેડિકલ સાયન્સ માટે પણ છે જે લોકોને જે ડૉકટરોને મેડિકલ ફિલ્ડમાં રસ છે, ઓથોરિટી છે સારી રીતે જે ડૉકટરો સમાજની સેવા કરવા માગે છે. એમની સંખ્યા ઘટતી જાય છે અને ધંધાકીય ડૉકટરોની સંખ્યા રોજ-રોજ વધતી જાય છે.

હવે સાચા, પ્રામાણિક અને નામવાળા ડૉકટરો કેટલા સવાલ એવો થાય? પણ જેટલા છે એમને લોકો અહોભાવથી જોવે છે એને એમની કદર કરે છે. પણ આવા ડૉકટરો શોધવાના કેવી રીતે ? પ્રશ્ન ખૂબ જ સચોટ છે. જેમ ધુમકેતુના તારાને શોધવો નથી પડતો આકાશમાં નજર કરો એને દેખાય જ. એવી રીતે સારો ડૉકટર, પ્રામાણિક ડૉકટર અને કાર્ય કરવાની પદ્ધતિ ઉપરથી દરેકને દેખાય ભલે અપ્રમાણિક ડૉકટરોને લાગતું નથી. કોઈને ખબર પડતી નથી. પણ એવું નથી. અપ્રામાણિક ડૉકટરો પહેલા - મોડા પકડાઈ જાય છે. ભાઈ તમે કેમ પાટા ઉપરથી નીચે ઉતરી ગયા. તમારી ગાડી કોલેસ્ટ્રોલ પર હતી એમાંથી ગબડી પડ્યા. ડૉકટરો વિશે તમારે બોલવાની શું જરૂર છે? વાત સાચી ડૉકટરો વિશે આપણે કયાંક વિચારવાનું નથી. પણ ભાઈ આપણે આપણી આંખ તો ખૂલ્લે રાખવી જોઈએ. સારું હવે બહુ થયું આગળ વધો. કોલેસ્ટ્રોટલ અને તેના ઘટકોને એક નામ આપવામાં આવ્યું છે જેનું નામ છે લિપીડ પ્રોફાઈલ.... હવે એ કહેવાની જરૂર નથી કે આ બધા એટલે કે કોલેસ્ટ્રોલ, ટ્રાયગ્લોસરાઈડ, એચ.ડી.એલ., એલ.ડી. એલ અને વી.એડી.એલ. કોસ્ટ્રોલ શું છે. કોલેસ્ટ્રોલિએ ખોરાકથી ઉત્પન્ન થયેલો પ્રોટીન અને ન ઓગળી શકે એવી ચરબીનો સમુહ છે. જે વધે એ વધારે પ્રમાણમાં વધે તો નળીઓમાં કોલેસ્ટ્રોલ એટલે કે લિપીડ પ્રોફાઈલ જે નળીઓમાં ચોટી જાય છે, જેને લીધે શરીરમાં અવયવોને લોહી મળતું નથી ને હૃદય તરફ એ લોહી ઝડપથી પહોંચી શકતું નથી જેને લીધે હૃદયને વધારે કામ કરવું પડે છે. જેને લીધે હાર્ટએટેક આવવાના પ્રશ્ન થાય છે. હાર્ટએટેક એટલે શું ? જેમ શરીરની અંદર નળીઓમાં ચરબી જામી જાય છે એવી રીતે હૃદયની નળીઓમાં ચરબી જામી છે તેને લીધે ત્યાં ચરબીનો થર થઈ જાય છે. અથવા તો ક્લોટ થઈ જાય છે. હૃદય કામ કરતું બંધ થઈજાય છે. તેને 'હાર્ટએટેક' કહેવાય.

નવા સૂર્યો અને નવા ચન્દ્રો શોધવાના યત્નો : મમતાના સાત વર્ષ

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સહિત્યમાં આજે ''મમતા'' સહેજેય અજાણ્યું નામ નથી. સાત વર્ષના ટૂંકાગાળામાં આ વાર્તામાસિકે ગુજરાતી વાચકોમાં પોતાનું એક આગવું સ્થાન બનાવ્યું છે. ગુજરાતી કે અન્ય ભારતીય ભાષાઓમાં આ એક જ સામયિક એવું હશે કે જે માત્ર નવી કલમોને, જેઓ આવતીકાલના વાર્તાકારો છે તેવી નવીનક્કોર, તાજી, ઊગતી અને અણઘડ કલમે સર્જાયેલી વાર્તાઓને પ્રથમ પસંદગી આપીને પ્રગટ કરે છે. તાજા જન્મેલા લેખકના ફોટા અને ટૂંકા પરિચય સાથે એને નવાજે છે. અને વળી આ ચેષ્ટા જોઈને વિદ્વત્ત, વિદ્વાન વિવેચકોને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ સામયિકના સંપાદક ''મધુ રાય'' છે ? કારણ કે આ એક ન ઘટવા જેવી, ન બનવા જેવી ઘટના છે. એક તરફ વાર્તાનું ઉચ્ચત્તમ ગિરિશૃંગ અને બીજીતરફ વાર્તાનું સાવ નિમ્નશૃંગ (ખીણ). આ બે અંતિમો વચ્ચે 'મમતા'એ સાત વર્ષ પૂર્ણ કર્યા છે. પણ આપણી ભાષાના ઘણા મઠાધિપતિઓ નહીં જાણતા હોય કે આ 'મમતા'ના સંપાદકશ્રી મધુ રાય સ્વભાવે એકદમ ''દશરથ માઝી'' જેવા છે. એમણે વિદ્વાનનનનન વિવેચકો-સર્જકોના મનમાં રહેલા ભ્રમના પહાડને તોડીને એની વચ્ચેથી નવી કલમને વહેવા માટે એક રસ્તો બનાવ્યો છે. નહિતર આપણી ગૂર્જરધરા ઉપર એવા એવા ધૂરંધર કલમબાજો કલમને માથે લઈને જીવી રહ્યા છે કે પોતાને દેશના પી.એમ. થી વધુ પ્રસિદ્ધ અને પ્રશિષ્ટ માને છે, જેઓની પાસે બિચારા ભોળા કબૂતર જેવાં નવોદિત વાર્તાકારો જતાં પણ ફફડે છે. એના બદલે આ નવા વાર્તાકારોની અધૂરપવાળી વાર્તાઓ મધૂરપ સાથે મમતામાં છપાયેલી હોવાથી આપણી ભાષાના ખૂંખારમાં ખૂંખાર પંડિત વિવેચકોએ પણ એ વાંચીને એને ભલે તલવારની ધારથી વેતરી હોય પણ એનું વિવેચન કર્યું છે. આપણે ત્યા સાહિત્યમાં એ હવે માનસિકતા બની ગઈ છે કે નવોદિતોને કાંઇ ગણવા જ નહીં. અથવા તેઓ બિચારા ૨૫-૩૦ વર્ષ સુધી લખ્યા રાખે તો ય તેમની નોંધ સુધ્ધા લેવી નહીં કે તેમને સ્વીકારવા નહીં. જ્યારે બીજી તરફ આવી ઉચ્ચત્તમ માનસિકતાને કારણે એકંદરે નૂકશાન તો આપણા સાહિત્યને જ થઇ રહ્યું છે. નવા નવા કવિઓ તો લડી લડીને પણ, અવનવા સેટિંગ કરીને પણ મુશાયરાઓમાં મંચ ઉપર ચડી જાય છે. લોકોની વાહવાહી લૂંટી લે છે. ફેસબૂક અને વૉટ્સપ પર પોતાની કવિતાઓ (?)નો ધોધમાર વરસાદ વરસાવીને, અવનવી સ્પર્ધાઓ યોજીને, વિજેતાઓ થઈને પણ પોતે જ પોતાને પ્રસ્થાપિત કરી દે છે. પરંતુ ગદ્ય સ્વરૂપમાં ''ટૂંકીવાર્તા''નું શું ?

૨૧મી સદી જ્યારે હવે ૧૯વર્ષની જૂવાનજોધ થઈ ગઈ છે ત્યારે ''ટૂંકીવાર્તા'' ઘરડી થઈને વિલિન થઈ જાય એ પહેલા તો કોઈકે જાગવું પડશે ને ? પરંતુ આપણે ત્યા તો સૌ મઠાધિપતિઓ થઈને પોતપોતાના અલગ સંપ્રદાયો સ્થાપીને એકબીજાની વાહ-વાહી, ઈનામ અકરામોની વહેંચણી, સમારોહોમાં સ્થાનો, વ્યાખ્યાનો અને બીજી ઘણી બધી ગોઠવણી કરવામાં જ વ્યસ્ત હોય છે. પણ જેમ દરેક વ્યક્તિને પોતાના નસીબ હોય છે તેમ દરેક સાહિત્ય સ્વરૂપને પણ દરેક સમયે કોઈ ને કોઈ તો એનો ઉદ્ધારક મળી જ જાય છે. જેમણે ગુજરાતી ટૂંકીવાર્તાને એક નવો આયામ આપ્યો, નવા શિખરો સ્થાપિત કરી જૂની પરંપરા તોડીને નવી પરંપરા બનાવી, જે ચીલે હજીયે છેલ્લા ૪૦ વર્ષથી ગુજરાતી વાર્તા ચાલી રહી છે એ નવી પરંપરાના સર્જનહાર - દરિયાપારના સર્જક મધુ રાય મા ગૂર્જરીનો આર્તનાદ સાંભળીને છેક અમેરિકામાં ઊંચી બિલ્ડીંગના સતરમા માળે સૂતા સૂતા સિત્તેર વર્ષની ઉંમરે કમર કસીને ઊભા થાય છે. ગઝલોના અણુબોમ્બોના વિસ્ફોટો વચ્ચે રૂંધાતી ગુજરાતી ટૂંકીવાર્તાને નવો અવાજ આપવા, નવી કલમ આપવા, નવી કલ્પનાઓ આપવા અને જેનામાં આવતીકાલની ઉત્તમ વાર્તાના એંધાણ વર્તાય છે એવા નવા નક્કોર કલમવીરોને માટે આરંભે છે નવી વાર્તાનો એક મહાયજ્ઞ.

આમ જોઈએ તો હું '' મમતા ''ના ઉદભવથી એમની સાથે સંકળાયેલો છું. મેં આરંભે સંપાદકશી અને તંત્રીશ્રીને ચેતવેલા કે અમારે ત્યાં કોઈ મોટો દુશ્મન હોય તો એને અખબાર કે સામયિક શરૂ કરવાની સલાહ આપીએ છીએ, પણ તમે તો મિત્રો છો તો પછી ? પરંતુ આમ છતાંય સંપાદકશ્રીના અતિ દૃઢ નિશ્ચય અને નિર્ણયની જીત થઈ અને શરું થયું ''મમતા'' તા. ૧૧/૧૧/૧૧ એ મમતાનો પ્રાગટ્ય દિન. આરંભથી અત્યાર સુધી અનેક સર્જક મિત્રો, વિવેચકો, વિદ્વાન મિત્રોએ મારી જેમ મધુ રાયને સલાહ આપી છે અને હજીયે આપતા રહે છે કે આવી નબળી વાર્તાઓને તમે કેમ છાપો છો ? શું લાભ ? ઘણા તો મમતાના ''પંખીનો માળો '' વિભાગમાં પત્રો કે ચર્ચાપત્ર રૂપે કે વાર્તા વિવેચન દ્વારા પ્રગટ થતી વાર્તાઓના વાર્તાતત્ત્વ, સર્જકત્ત્વ ઉપર પ્રશ્નો ઉઠાવતા રહ્યા છે. આમ છતાંય આ સંપાદકશ્રી કે જેમને ગુર્જરીભાષા અને વાર્તારાણીએ પ્રસન્ન થઈને તસતસતું આલિંગન વીથ ચુંબન આપ્યું છે ત્યારથી મદમસ્ત થઈને તેઓ ગુજરાતી ભાષા અને વાર્તાની પાછળ કલમ ધોઈને પડ્યા છે. અને આજે પોતાનો સાત વર્ષનો સર્જન સમય છોડીને એ સાત વર્ષ 'મમતા'ને આપીને નવી કલમની પૂજા કરી છે. અને આ સાત વર્ષનું પરિણામ શું આવ્યું ? આ સાત વર્ષમાં મમતાએ કુલ – ૭૭ અંકો છાપ્યા, કુલ ૮૨૩ વાર્તાઓ છાપી, જેમાં જુની અને નવી કલમોને સાથે રાખી. કુલ ૬૧૪ પુરુષ વાર્તાકારો અને ૨૦૯ સ્ત્રી વાર્તાકારિણીઓની નવી વાર્તાઓ પ્રગટ થઈ, જેમાંથી ૪૨ વાર્તાઓ અનુવાદિત પરપ્રાંતિય, પરભાષિય છે અને ૪૫ વાર્તાઓ વિદેશી સર્જકોની છે. અને આવી સંપતિ ગુજરાતી ભાષાને આપવા માટે આ ભડભાદર સંપાદકે રૂપિયા ૩૮,૫૦,૦૦૦ (રૂપિયા આડત્રીસ લાખ અને પચાસ હજાર પુરા) નો ધૂમાડો કરી નાખ્યો છે. જી, હા. ગાંધીનગરમાં સારામાં સારો થ્રી બેડરૂમ-હૉલ ફ્લેટ આવી જાય એટલી રકમનો ધૂમાડો 'મમતા'માં નવી કલમોને ચમકાવવા માટે, નવા વાર્તાકારોને નવા શિખરે લઈ જવા માટે કર્યો છે. (ઓહઓહોહોહોહો) હે ગુજરાતી ભાષાના વિદ્વાન સર્જકો-વિવેચકો ... સાંભળો છો ને ? વિવેચન કરવું સહેલું છે. બોલવું – લખવું સહેલું છે. ચર્ચાપત્રો લખવા સહેલા છે. પણ ગાંઠના રૂપિયા ખર્ચીને સાવ નવી કલમોને ચકમકતી કરવાની હિંમત દુનિયામાં એક જ વ્યક્તિમાં જોવા મળે છે... મધુ રાય.

મમતાના સંપાદકશ્રીનો આશય સ્પષ્ટ છે કે નવી કલમોને ચમકાવવી, કેમ કે તેમનો કોઈ સંપ્રદાય નથી. તેમને કોઈ પુરસ્કારો નથી જીતવા, તેથી કોઈને રાજી રાખવાની જરૂર નથી. નથી તેઓને કોઈ માયા કે મોહ. વધુ સર્જન કરીને વિખ્યાત થવાની ખેવના તો તેઓમાં ક્યારેય નહોતી. તેઓ માત્ર ઈચ્છે છે કે માતૃભાષા ગુજરાતી શુદ્ધ રહે અને નવી કલમોને માટે એક એવું પ્લેટફોર્મ બનાવવું કે જ્યાથી બીજા અનેક સારા વાર્તાકારો બને. વાર્તાઓ લખાય, લોકો વાંચે અને પોતાના નિજી જીવનની સમસ્યાઓ ભૂલીને ભલે થોડો સમય પણ કલ્પનામાં વિહરવાનું સુખ મેળવે.

''મમતા'' ચલાવવા માટે સંપાદકશ્રીને અનેક વ્યક્તિઓની સહાય (આર્થિક નહીં હો) મળી છે. વળી જેઓએ જિંદગીમાં કદી વાર્તા લખવાનો વિચાર સુદ્ધા નથી કર્યો એવા સંશોધકો, વિવેચકો પાસેથી યે વાર્તા લખાવીને મમતામાં પ્રગટ કરવામાં આવી છે. તો વળી રજનીકુમાર પંડ્યા જેવા સમર્થ વાર્તાકાર પાસેથી અતીતની ઉત્તમ વાર્તાઓ લઈને પણ મમતાના ''અતીતરાગ''માં છાપી છે જેથી નવી કલમોને માર્ગદર્શન મળે. તો વળી બકુલ બક્ષી જેવા સમર્થ અભ્યાસૂ પાસેથી વિશ્વ કક્ષાના અનેક દેશોના વાર્તાકારોના પરિચય મમતાના પાને મૂકીને એક નવી ભાત અને નવી કલમને માટે નવી દિશા પણ ચિંધી છે. તો વળી અહીં ક્યારેક લઘુકથાઓને સ્થાન અપાયું છે અને બે વાર મમતાએ ૨૧મી સદીમાં આવેલા નવા સ્વરૂપની નવી ''માઈક્રોફિકશન '' વાર્તાઓના વિશેષાંકો પણ પ્રગટ કર્યા છે. તો વળી લેખિકા વિશેષાંક, ડાયસ્પોરા, જન્મ દિવસ, વાર્તા શિબિર, કોલકત્તા, દિવાળી, કચ્છના લેખકો, જ્ઞાનસત્ર, વિદ્યાર્થી, મુંબઈ, અશોક હર્ષ સ્મૃતિ, સુવર્ણ જયંતી, શૃંગાર, વારતા રે વારતા, સૌરાષ્ટ્રના લેખક, ઉર્દૂ, દલિત જેવા અનેક વિશેષાંકો પ્રગટ કરીને જે તે વિશેષાંકોનું સંપાદન પણ અન્ય સર્જક પાસે કરાવીને વાર્તાને સમાજમાં મઘમઘતી રાખવાના પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત મમતાના પહેલા જ અંકમાં '' એક જબ્બર વાર્તા સ્પર્ધા '' યોજીને તમામ સર્જક – ભાવક – વાંચકોને ચોકાવી દીધા હતા કેમ કે આ સ્પર્ધાનું પ્રથમ ઈનામ હતું રૂપિયા ૫૧,૦૦૦/- (પુરા એકાવન હજાર) અને બીજું - ૨૧૦૦૦/ ત્રીજું - ૧૧૦૦૦/-. એક વાર્તા માટે આટલું મોટું ઈનામ આજ સુધી ભારતની કોઈ ભાષામાં અપાયા નથી. અને વળી આવી એક નહીં પણ ત્રણ ત્રણ વાર સ્પર્ધા યોજીને લોકોને વાર્તા લખવા કરવા એ બોર્ડર ઉપર જઈને દુશ્મનો સામે યુદ્ધમાં તોપ ફોડવા જેવું કામ છે. તો વળી આ સંપાદક દર વખતે ચોથા ટાઈટલ ઉપર એકાદ ફોટો કે ચિત્ર મૂકીને '' 'છાયાછબીલી વાર્તા' લખવાનું પણ નિમંત્રણ વાચકોને આપતા રહે છે. વળી અંદરના પાને પણ વાર્તાઓને અનુરૂપ મોટા મોટા ચિત્રો રજુ કરીને વાચકોને વાર્તારસથી તરબોળ કરવાનો પ્રયાસ પણ થાય છે.

બહુ ઓછા અને સાચા શબ્દોમાં કહું તો ''મમતા'' એ ગુજરાતી ભાષાનું એકમાત્ર એવું વાર્તા નક્ષત્ર છે કે જ્યા નવી કલમો જ ચમકે છે અને જેમાંથી નવા સૂર્યો અને નવા ચન્દ્રો શોધવાના છે.

- 9426060601.india@gmail.com

તું જાણે પતંગ છે ને હું છું તારી દોર...!

રજળપાટ
અજય ઉપાધ્યાય

'આકાશમાં ઉડતી રંગબેરંગી પતંગો એકબીજા સાથે ઉલજતી રહે ... ક્યારેક એક પતંગ બીજાની ઉપર તો ક્યારેક બીજી પતંગ એની ઉપર...! આ બધું ત્યાં સુધી ચાલે કે જ્યાં સુધી કોઈ એકની પતંગ કપાઈ ના જાય...અને પછી ઉડાડનારાઓની ચીચયારીઓ અને દેકારો ... ફરી પાછી બીજી પતંગોના પેચ... ખેંચ અને ઢીલ ...પકડના નારાઓ સાથે પતંગબાજી આગળ વધે ...! કપાયેલી પતંગ એમ જ હવાના સહારે ઉડતી ક્યાંક પડી જાય...આમાં સટાબાજી પણ ખુબ થાય ...મૂળે તો આ રાજાઓની રમત માનવામાં આવે છે ...! ''પ્રખ્યાત લેખક રસ્કીન બોન્ડે પોતાની એક લઘુનવલમાં ૨૦મી સદીની શરૂઆતમાં ખેલાતા પતંગયુદ્ધનું વર્ણન કઈક આમ કરેલું ..! જો કે હવે તો રાજા-રજવાડાઓની આ પસંદીદા રમત આમ જનતાની ફેવરીટ રમત બની ગઈ છે...! મકરસંક્રાંતિના દિવસે આવો માંડીએ પતંગ ....પતંગ-યુદ્ધ...પતંગબાજી અને પતંગબાજોની વાત .....!

ઉતરાયણ' યાની કી મકરસંક્રાંતિ નામનો આ શબ્દ કે જેનો સંસ્કૃત અર્થ 'ઉતરાયન' થાય છે જે એક્ચ્યુલી ઉત્તર અને અયનના જોડાણથી બનેલો છે. એવું મનાય છે કે ૧૪મી જાન્યુઆરીથી સૂર્ય ઉત્તર દિશા તરફ પોતાના પગલા માંડવાનું શરુ કરે છે એટલે એને ઉત્તરાયન કહેવામાં આવે છે. જે શબ્દ પાછળથી અપભ્રંસ થઈને 'ઉત્તરાયણ' બન્યો. આ ઉપરાંત આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે એટલે 'મકર સંક્રાંતિ' પણ કહે છે. આવું જ પતંગ માટે છે . પતંગને તેલુગુ ભાષામાં 'ગાલિપટ્ટમ' કહેવાય છે. પતંગ એટલે પ્રગતિ, ઉડાન, બહુરંગ, પ્રેમ અને ડોલન. પતંગનો સંસ્કૃત અર્થ 'ઉડનારો'છે અને અંગ્રેજીમાં તેને 'કાઈટ' કહેવામાં આવે છે. આ કાઈટ મતલબ ગરમ પ્રદેશમાં મળતું કાઈટ નામનું પક્ષી, કાઈટ નામનું આ પક્ષી આકાશમાં ઉંચે ઊડી પોતાની પાંખ પહોળી કરી તરતુ રહે છે. ક્યારેક સ્થિર પણ રહે છે. જે પતંગ જેવો દેખાવ ધારણ કરે છે ...!

પ્રાચીનકાળથી જ મનુષ્યની ઈચ્છા આકાશમાં ઉડવાની હતી ...પક્ષીઓની જેમ સ્વૈરવિહાર કરવાની હતી. અફાટ આકાશને પેલે પાર પહોચવાની હતી ! એમાંથી જ પતંગનો જન્મ થયો હશે..! પ્રાચીન અને મધ્યયુગમાં પતંગોનો ઉપયોગ હવાનું પરીક્ષણ, સંદેશાઓ મોકલવા કે સૈન્ય ગતિવિધિઓ માટે થતો હતો. ગ્રીક ઈતિહાસકારોની માનીએ તો પતંગબાજી લગભગ ૨૫૦૦ વર્ષ જૂની પ્રથા છે પણ મોટાભાગે પતંગની શરૂઆત ચીનમાં થઈ હોવાનું વ્યાપકપણે મનાય છે . ચીનમાં આ પ્રથા લગભગ ૨૦૦૦ વર્ષ જૂની છે એવું મનાય છે . કહેવાય છે કે ચીની સેનાપતિ